બગોદરામાં ૨૦ તોલા સોનાની ચોરીનો આરોપી કામરેજથી ઝડપાયો

પલસાણાઃ ગુજરાત રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પગલે નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે ચાલી રહેલી સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન સુરત ગ્રામ્ય એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડને મોટી સફળતા મળી છે. અમદાવાદના બગોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી મોટી ઘરફોડ ચોરીના મુખ્ય આરોપીને પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યો હતો.

પોલીસને બાતમી મળી હતી કે, બગોદરા ચોરીનો આરોપી હમીર ઉર્ફે બોડો રમેશભાઈ હાડા (ઓડ) (રહે., તુંડી, પલસાણા) નવાગામ ખાતે દાદા ભગવાન મંદિર પાસે ઊભો છે. પોલીસે વોચ ગોઠવીને ૨૫ વર્ષીય હમીરને કોર્ડન કરી ઝડપી પાડ્યો હતો.

પકડાયેલા આરોપીએ કબૂલાત કરી હતી કે તેણે પોતાના ભાઈ શ્રવણ ઓડ સાથે મળી બગોદરાના ભમાસરા ગામમાં એક બંધ મકાનમાંથી આશરે ૨૦ તોલા સોનાના દાગીના, ૧ કિલો ચાંદી અને રોકડ રકમની ચોરી કરી હતી. આ ગુનામાં તે લાંબા સમયથી નાસતો ફરતો હતો. ઝડપાયેલો આરોપી રીઢો ગુનેગાર છે. તેની વિરુદ્ધ અગાઉ બાવળા, નડિયાદ, વટવા, અસલાલી, સાણંદ, કામરેજ અને વડતાલ પોલીસ સ્ટેશનમાં લૂંટ અને ચોરી જેવા અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. વટવા પોલીસ સ્ટેશન દ્વારા તેની સામે પાસા હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરીમાં એલ.સી.બી. પી.આઈ. આર.બી. ભટોળ, પી.આઈ. એન.જી. પાંચાણી અને સબ ઈન્સ્પેક્ટર એ.એન. ચૌહાણ સહિતના સ્ટાફે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. હાલ આરોપીને વધુ તપાસ અર્થે કામરેજ પોલીસને સુપરત કરવામાં આવ્યો છે.

બારડોલી વોર્ડ નં.3માં કામો ન થતાં રોષ: MLAએ જાહેરમાં માફી માંગી

વોર્ડ નં.3ના રિપીટ ઉમેદવાર જેનીશ ભંડારીને કારણે ધારાસભ્યએ હાથ જોડવા પડ્યા!

લોકોની માફી માંગવાનો વારો આવ્યો હતો.

બાડોલીઃ બારડોલી નગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો વધી રહ્યો છે, પરંતુ આ ચૂંટણી પ્રચાર દરમિયાન વોર્ડ નં.૩માં ભાજપ માટે સ્થિતિ ખૂબ જ વિકટ બની ગઈ હોવાનું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે. પ્રચાર દરમિયાન લોકોને સામનો કરવો અને તેમને મનાવવા ઉમેદવારો માટે પડકારરૂપ સાબિત થઈ રહ્યા છે. પાંચ વર્ષ દરમ્યાન તેમના વોર્ડમાં નિષ્ક્રિય રહેલા વોર્ડ નં.3ના રિપીટ ઉમેદવાર જેનીશ ભંડારીને કારણે સોમવારે સાંજે આયોજિત એક પ્રચાર સભામાં સ્થાનિક ધારાસભ્ય ઈશ્વર પરમારે જાહેર મંચ પરથી લોકોની માફી માંગવાનો વારો આવ્યો હતો.

વોર્ડ નં.૩ના રહીશો છેલ્લાં કેટલાંક વર્ષોથી ચોમાસા દરમિયાન ભયંકર સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને ડી.એમ. નગર અને એમ.એન.પાર્ક જેવી સોસાયટીઓમાં પાણી ભરાઈ જવાની સમસ્યા કાયમી બની ગઈ છે. દર વર્ષે જ્યારે વરસાદ પડે છે ત્યારે આ વિસ્તારો બેટમાં ફેરવાઈ જાય છે. પાણી લોકોના ઘરોમાં ઘૂસી જાય છે, જેના કારણે તેમને દર વર્ષે ભારે આર્થિક નુકસાન વેઠવું પડે છે. આટલી ગંભીર સમસ્યા હોવા છતાં, અગાઉનાં પાંચ વર્ષોમાં કોઈ નક્કર ઉકેલ ન આવતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક સ્તરે રિપીટ કરાયેલા ઉમેદવાર જેનીશ ભંડારી સામે પણ મતદારો નારાજ છે. વોર્ડની મોટા ભાગની સોસાયટીઓમાં તેમને વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે અને અનેક જગ્યાએ લોકો દ્વારા તીખા સવાલો પણ કરવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં જ્યારે ધારાસભ્ય ઈશ્વર પરમાર પ્રચાર માટે પહોંચ્યા ત્યારે તેમણે આ સમસ્યાઓની જવા બદારી સ્વીકારીને જાહેર જનતાની માફી માગી હતી. તેમણે આ સમસ્યા ના ઉકેલની ખાતરી પણ આપી હતી. જો કે, આ માફીને જેનીશ ભંડારીને કારણે માંગવી પડી હોવાનો પણ લોકોમાં ચર્ચાય રહ્યું છે.

પ્રજામાં એવી ચર્ચા ચાલી રહી છે કે જ્યારે લોકો પાણીમાં ઘેરાયેલા હતા અને સ્થાનિકો પોતાના ઘરોમાંથી બહાર નીકળી શકતા નહોતા, ત્યારે આ મત માંગવા આવેલા નગરસેવક ક્યાં હતા? હવે જ્યારે મત માંગવાનો સમય આવ્યો છે ત્યારે તેમની પાંચ વર્ષની કામગીરીને લઈને ખુદ ધારાસભ્યએ માફી યાદ માંગવી પડી છે. આ માફી માંગતો વિડીયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે અને અન્ય વોર્ડના લોકો પણ આ અંગે ચર્ચા કરી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે ચૂંટણી બાદ આ વચનોનું શું થાય છે અને શું આ સમસ્યાનો ખરેખર ઉકેલ આવશે કે પછી તે માત્ર ચૂંટણીલક્ષી વચનો બનીને રહી જશે.

સંક્ષિપ્ત સમાચાર

રાજપૂત બોરીની ભાવદર્શન વિદ્યાલયમાં 'જ્ઞાનમ્' વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી

હિતેશ પટેલ

માંડવીઃ માંડવી-કીમ રોડ પર આવેલા રાજપૂત બોરી ગામે ભાવદર્શન વિદ્યાલયમાં "વાર્ષિકોત્સવ જ્ઞાનમ્"ની અત્યંત ઉત્સાહભેર અને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાળાના પ્રમુખ સતિષભાઈ પટેલના પ્રેરક ઉદબોધનથી કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. આ રંગારંગ કાર્યક્રમમાં બાલભવનથી લઈને ધોરણ 12 (સાયન્સ અને કોમર્સ) સુધીના વિદ્યાર્થીઓએ પોતાની કળા અને કૌશલ્યનાં દર્શન કરાવ્યાં હતાં. વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી વિવિધ સાંસ્કૃતિક અને સર્જનાત્મક કૃતિઓએ ઉપસ્થિત જનમેદનીને મંત્રમુગ્ધ કરી દીધી હતી. ખાસ કરીને "તમસો માં જ્યોતિર્ગમય" નાટકે આકર્ષણનું કેન્દ્ર જમાવ્યું હતું. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટીઓ, આસપાસનાં ગામોના સરપંચો, પ્રતિષ્ઠિત નાગરિકો તેમજ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અનાવલ નજીક ટ્રક પાછળ બાઇક અથડાતાં ત્રણ ઘાયલ

અનાવલઃ અંબિકાના વલવાડા ગામે નવા ફળિયામાં રહેતા નીરવ મહેશ પટેલ તા.૧૭ના રોજ જન્મદિવસની રાત્રે પોતાના મિત્રો હિરેન અને મિત સાથે કેક કાપ્યા બાદ મોડી રાત સુધી ફળિયામાં બેઠા હતા. બાદ ત્રણેય મિત્રો મોટરસાઇકલ નં.(GJ-19-AS-6492) લઈને બહાર નીકળ્યા હતા. મધરાતના સમયે તેઓ મહુવરિયાથી સગરામપુરા જતાં રોડ પર અનાવલ નજીક પસાર થઈ રહ્યા હતા. ત્યારે માર્ગમાં કોઈ ઈન્ડિકેટર કે ચેતવણી વિના ઊભેલી ટ્રક નં.(UP-70-MT-8614) સાથે પાછળથી જોરદાર અથડામણ થઈ હતી. આ ગંભીર અકસ્માતમાં બાઇક ચાલક નીરવને માથાના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી. જ્યારે હિરેનને મોં પર ગંભીર ઈજા અને મિતને શરીરે મૂઢ માર વાગ્યો હતો. ત્રણેય ઇજાગ્રસ્તોને તાત્કાલિક ડોલવણ, વ્યારા અને બારડોલીની હોસ્પિટલમાં ખસેડાયા હતા. વધુ સારવાર માટે નીરવને સુરતની ખાનગી હોસ્પિટલમાં અને હિરેનને સુરત સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં નીરવની માતા હોસ્પિટલ પહોંચી હતી અને અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં અનાવલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

થાંભલા સાથે બાઈક અથડાતાં એકનું મોત

કામરેજઃ મૂળ ઉત્તરપ્રદેશના લાલગંજના વતની અને હાલ કામરેજના નવીપારડી ગામે ગોવર્ધન ઈન્ડસ્ટ્રિઝમાં રહીને ઓપરેટર તરીકે નોકરી રામજીત અમૃતલાલ કોલ કરે છે. સોમવારના રોજ મિત્ર શ્યામસુંદર શિવનાથ કોલ સાથે સવારે 11.00 કલાકે ગામના વતની મિત્ર લાલજી જવાહિરલાલ કોલ (ઉ.વ.29, હાલ રહે., લીંડીયાત, તા.માંગરોળ)જે વતનમાં જવાનો હોવાથી તેનો સામાન લેવા માટે ગયા હતા. સામાન લઈને હિરો સ્પલેન્ડર બાઈક નંબર જીજે 19 બીએમ 6503 પર નવીપારડી ગામે ગોરવર્ધન ઈન્ડસ્ટ્રીઝ રોડ પર બાઈકચાલક શ્યામસુંદર તેની સાથે મિત્ર શ્યામસુંદર, રામજીત બેસેલા હતા. બાઈક પૂરઝડપે હંકારી જતાં બેલેન્સ ન રહેતા થાંભલા સાથે અથડાઈ જતાં લાલજીને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું મોત થયું હતું.

વાવ પાસે અજાણ્યા વાહન અડફટે યુવાનનું મોત

કામરેજઃ અમદાવાદના જશોદાનગરના વિષ્ણુ કોલોનીમાં રહેતા અજય શરણીયા અને તેમનો પિતરાઈ બલ્લા રમણ શરણીયા (ઉં.વ. 30) રવિવારે રાત્રે આઈસર ટેમ્પો નં.(GJ 01 CZ 8337) લઈને વડોદરા અને સુરત જવા નીકળ્યા હતા. વડોદરામાં પ્લાસ્ટિકની ખુરશીઓ ખાલી કર્યા બાદ તેઓ સોમવારે સવારે સુરત પહોંચ્યા હતા. શહેરમાં નો-એન્ટ્રી હોવાથી તેમણે કામરેજના વાવ ગામ પાસે નહેર નજીક ટેમ્પો પાર્ક કર્યો હતો. બપોરના સમયે બલ્લા શરણીયા નેશનલ હાઈવે નં.48 ક્રોસ કરી શેમ્પુ લેવા જઈ રહ્યો હતો, ત્યારે એક અજાણ્યા વાહને તેને જોરદાર ટક્કર મારી હતી. માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેને તાત્કાલિક ખોલવડની દીનબંધુ હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. કામરેજ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સાંધીએરથી ગુમ સગીરા વાલિયાથી મળી

સાયણઃ ઓલપાડના સાંધીએર ગામે રહેતી એક સગીરા મોબાઈલના વળગણના કારણે માતા-પિતાના ઠપકાથી નારાજ થઈ ગત ૨૦મી એપ્રિલના રોજ ઘરેથી કહ્યા વિના ચાલી ગઈ હતી. પરિવારે શોધખોળ બાદ ઓલપાડ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીઆઈ સી.આર.જાદવે તપાસ તેજ કરી હતી. સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સિસની મદદથી પોલીસને બાતમી મળી હતી કે કિશોરી ભરૂચના વાલિયામાં છે. ટીમે તાત્કાલિક ત્યાં પહોંચી સગીરાને સુરક્ષિત રીતે શોધી કાઢી હતી. પોલીસે કિશોરીને તેનાં માતા-પિતાને સોંપી સુખદ મિલન કરાવતાં ભાવુક પરિવારે 'પોલીસ પ્રજાનો સાચો મિત્ર છે' કહી આભાર માન્યો હતો.

વિકાસની વાતો, પાણીનાં ફાંફાં ચાંપાવાડીમાં 5 માસથી હેન્ડ પંપ બંધ!

હેન્ડપંપ બંધ રહેતાં ભરઉનાળે મહિલાઓ પાણી માટે વલખા મારવા મજબૂર

સોનગઢઃ સોનગઢના ચાંપાવાડી વિસ્તારમાં વહીવટી તંત્રની ઉદાસીનતાનો ભોગ સ્થાનિક રહીશો બની રહ્યા છે. ચાંપાવાડીના દેવડ ફળિયામાં આવેલો એકમાત્ર હેન્ડપંપ છેલ્લા પાંચ મહિનાથી રિપેરિંગના બહાને ખોલી નાંખવામાં આવ્યો છે, પરંતુ આજદિન સુધી તેનું કામ પૂર્ણ ન થતાં સ્થાનિકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યાનુસાર દેવડ ફળિયાનો આ હેન્ડપંપ પાંચ માસ પૂર્વે રિપેરિંગ માટે ખોલવામાં આવ્યો હતો. હાલ ઉનાળામાં તાપમાનનો પારો વધી રહ્યો છે. ત્યારે પાંચ-પાંચ મહિના વીતી જવા છતાં આ હેન્ડપંપ હજુ સુધી ચાલુ કરવામાં આવ્યો નથી. તંત્રની આ ઢીલી નીતિને કારણે ગ્રામજનોની ધીરજ હવે ખૂટી રહી છે. ધોમધખતા ઉનાળામાં જ્યારે પાણીની જરૂરિયાત સૌથી વધુ હોય છે, ત્યારે આ ફળિયાની મહિલાઓને પાણીના એક-એક ટીપા માટે દૂર-દૂર સુધી રસ્તો ક્રોસ કરી ભટકવું પડી રહ્યું છે. સ્થાનિક મહિલાઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ઘરકામ અને પશુઓ માટે પાણી લાવવા અમારે કાળઝાળ ગરમીમાં લાંબુ અંતર કાપવું પડે છે. તંત્રને અમારી પીડા દેખાતી નથી? આ ગંભીર સમસ્યા અંગે વિસ્તારના રહીશો દ્વારા ગ્રામ પંચાયતમાં અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. જો કે, ગ્રામ પંચાયત અને વહીવટી તંત્ર જાણે જવાબદારી લેવા તૈયાર ન હોય તેમ એકબીજા પર દોષારોપણ કરી રહ્યા છે. વહીવટી તંત્રની આ 'ખો' આપવાની નીતિને કારણે અંતે તો સામાન્ય જનતાએ જ હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. જો આ હેન્ડપંપનું રિપેરિંગ કામ સત્વરે પૂર્ણ કરવામાં આવશે તો આ બોરનું પાણી ગ્રામવાસીઓને ઘણું ઉપયોગી સાબિત થાય તેવું છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે કુંભકર્ણની નિદ્રામાં પોઢેલું તંત્ર જાગશે ખરું?

ગાંગપોર દેવગઢમાં વિસ્થાપિતોના વળતર બાબતે ચૂંટણી બહિષ્કાર

'સુવિધા નહીં તો વોટ નહીં'ના નારા સાથે ગ્રામજનો મક્કમ

પ્રાંત અધિકારી અને ચૂંટણી અધિકારીને આવેદન પાઠવાયું

હિતેશ પટેલ

માંડવીઃ માંડવી તાલુકાના છેવાડે આવેલા ગાંગપોર દેવગઢ ગામના લોકોએ વહીવટી તંત્ર અને રાજકીય પક્ષો સામે રોષ પ્રગટ કરી આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનારી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીનો બહિષ્કાર જાહેર કર્યો છે. ગામમાં વર્ષોથી પાયાની સુવિધાઓનો અભાવ અને ખાસ કરીને આમલી જળાશય યોજનાના અસરગ્રસ્તોને ન્યાય ન મળતાં ગ્રામજનોએ આ આકરો નિર્ણય લીધો છે. આ અંગે પ્રાંત અધિકારી અને ચૂંટણી અધિકારીને આવેદનપત્ર આપી ચૂંટણી પ્રક્રિયાથી અલિપ્ત રહેવાની લેખિત જાણ કરવામાં આવી છે.

ગ્રામજનોએ પોતાની વ્યથા ઠાલવતાં જણાવ્યું હતું કે, ગાંગપોર દેવગઢ એક અંતરિયાળ ગામ હોવાથી અહીં વિકાસનાં કાર્યોમાં સતત અન્યાય થઈ રહ્યો છે. ગામમાં આજે પણ પાકા રસ્તા, સ્મશાનગૃહ, ગામતળની જમીન અને પ્રાથમિક શાળા જેવી પાયાની જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી. વન અધિકાર કાયદા (FRA) હેઠળ મળવાપાત્ર હક્કો અને સરકારની અન્ય કલ્યાણકારી યોજનાઓથી પણ ગ્રામજનો વંચિત છે. સ્થાનિક નેતાઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને વારંવાર રજૂઆત કરવા છતાં પરિણામ શૂન્ય રહ્યું છે. ઉપરાંત, ગામનો મોટો પ્રશ્ન આમલી જળાશય યોજનાનો છે. આ યોજનાને કારણે વિસ્થાપિત થયેલા પરિવારોને નિયમ મુજબ વળતર કે જમીન ફાળવવામાં આવી નથી. આ મામલે ગ્રામજનોએ ગુજરાત હાઈકોર્ટનાં દ્વાર ખખડાવ્યાં હતાં, જ્યાં તેમની તરફેણમાં ચુકાદો પણ આવ્યો છે. તેમ છતાં છેલ્લાં બે વર્ષથી વહીવટી તંત્ર દ્વારા કોર્ટના આદેશનો અમલ કરવામાં ન આવતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે સત્તાધારી પક્ષના નેતાઓની આંતરિક ખેંચતાણને કારણે ગામના વિકાસકામો અટકી પડ્યાં છે. ચૂંટણી બહિષ્કારની જાહેરાત સાથે ગ્રામજનોએ ચેતવણી આપી છે કે, કોઈપણ પક્ષના ઉમેદવાર કે કાર્યકરને પ્રચાર માટે ગામમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. જો કોઈ બળજબરી કરશે તો તેનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. કોઈ અઘટિત ઘટના ન બને તે માટે તંત્રને ગામમાં પોલીસ બંદોબસ્ત રાખવા પણ સૂચિત કરવામાં આવ્યું છે. 'ન્યાય નહીં તો મત નહીં' ના મક્કમ નિર્ધાર સાથે સમગ્ર ગામે એકસૂરે મતદાનથી અલિપ્ત રહેવાનો નિર્ણય કરતાં રાજકીય આલમમાં ગરમાવો આવી ગયો છે.

કામરેજમાં માતા બ્યુટી પાર્લરમાં સાથે ન લઈ જતાં પુત્રીનો આપઘાત

બ્યુટી પાર્લર જવાની નાની અમથી જીદ પૂરી ન થતાં ધો.૫માં ભણતી કિશોરીએ ઓઢણી વડે ફાંસો ખાધો

કામરેજઃ કામરેજમાં માતા બ્યુટી પાર્લરમાં ન લઈ જતાં ઘરમાં રૂમનો દરવાજો બંધ કરી પુત્રીએ ઓઢણી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મૂળ ભાવનગરના સાવડીગેટના વતની અને હાલ કામરેજ નજીક ભૈરવ જતાં રોડ પર પટેલ ટાઉનશિપમાં પહેલા માળ પર ચાર સંતાનો ચાંદની (ઉં.વ.19), શિવાની (ઉં.વ.18), ધો.5માં અભ્યાસ કરતી દીપિકા (ઉં.વ.14) અને પુત્ર લોકેશ (ઉં.વ.10) સાથે પરિણીતા પૂનમબેન મનસુખભાઈ કોળી રહે છે. પતિ મુંબઈ ખાતે છેલ્લાં ત્રણ વર્ષથી રહે છે. મંગળવારે પૂનમબેનના ભાઈના પુણા ગામે લગ્ન હોવાથી હોવાથી મોટી પુત્રી ચાંદનીનાં કપડાં ફિટિંગ કરાવવા હોય તેમજ બ્યુટી પાર્લરમાં કામરેજ જવાનું હોવાથી ચાંદની, પુત્ર લોકેશ સાથે જવા માટે નીકળી ગયાં હતાં. જ્યારે બીજી બે પુત્રી શિવાની અને દીપિકા (ઉં.વ.14) ને નાહવા માટે જણાવી બાદમાં બ્યુટી પાર્લરમાં લઈ જવાનું કહ્યું હતું. પરંતુ દીપિકાએ પાર્લરમાં આવવા માટે જીદ કરી હતી. જેને સમજાવીને પૂનમબેન મોટી પુત્રી અને પુત્ર સાથે નીકળી ગઈ હતી. પૂનમબેન પાર્લરમાં હતી અને પુત્રી ચાંદની અને પુત્ર લોકેશ સાથે ડ્રેસ ફિટિંગ કરાવવા માટે કામરેજ ગામ નજીક દરજીની દુકાને ગયા હતાં. બ્યુટી પાર્લરનું કામ પતાવી પૂનમબેન ઘરે જઈ રહ્યાં હતાં ત્યારે પુત્રીએ ફોન કરીને જણાવ્યું કે, દીપિકાએ ફાંસો ખાઈ લીધો છે. એવું જણાવતાં તુરંત જ ઘરે દોડી જઈને જોતાં રૂમનો દરવાજો બંધ કરી ઓઢણી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. દરમિયાન પૂનમબેનનાં ભાઈ પણ આવી જતાં 108માં સારવાર માટે કામરેજ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી કામરેજ પોલીસને જાણ કરી હતી. જે અંગે પોલીસે અકસ્માત મોત નોંધી પીએમ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાની જાણ મૃતક દીપિકાના પિતાને મુંબઈમાં કરતાં તેઓ પણ કામરેજ ખાતે દોડી આવ્યા હતા.

કીમની વિદ્યાર્થિની રહસ્યમય રીતે ગુમ

કીમઃ ઓલપાડના કીમ ગામની શુભમ સોસાયટીમાં રહેતી ૨૦ વર્ષીય વિદ્યાર્થિની આરતીબેન નારાયણભાઈ દેવાસી ગત ૧૭ એપ્રિલની મધરાત્રે ઘરેથી અચાનક ગુમ થઈ જતાં ચકચાર મચી છે. પરિવારજનોએ તમામ સ્થળે શોધખોળ કરી હોવા છતાં યુવતીનો કોઈ પત્તો લાગ્યો નથી. આખરે ૨૦ એપ્રિલે કીમ પોલીસ મથકે ગુમ થયાની જાણવા જોગ ફરિયાદ નોંધાવાઈ છે. પોલીસે ગુમ થયેલી યુવતીની ભાળ મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

ઉવા નજીક ટ્રકમાંથી 38 લાખનો દારૂ ઝડપાયો

દારૂ, ટ્રક, મોબાઈલ અને રોકડ રકમ મળી ૫૩.૮૨ લાખનો મુદ્દામાલ જપ્ત

પલસાણાઃ સુરત જિલ્લા એલસીબી પોલીસે બારડોલીના ઉવા નજીક નેશનલ હાઈવે નં.૫૩ પરથી વિદેશી દારૂના મોટા જથ્થાને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. આગામી સમયમાં યોજાનારી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીને ધ્યાનમાં રાખીને સુરત ગ્રામ્ય વિસ્તારમાં પોલીસ દ્વારા પ્રોહિબિશન અને જુગારની ગેરકાયદે પ્રવૃત્તિઓને ડામવા માટે વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પેટ્રોલિંગ દરમિયાન પોલીસને ખાનગી બાતમીદાર દ્વારા ચોક્કસ માહિતી મળી હતી કે એક કન્ટેનર ટ્રક દ્વારા વિદેશી દારૂનો જથ્થો ગુજરાતમાં લાવવામાં આવી રહ્યો છે. બારડોલીના ઉવા ગામની હદમાં નેશનલ હાઈવે નં.૫૩ પર પોલીસની ટીમે બાતમી મુજબના કન્ટેનરને સફળતાપૂર્વક અટકાવ્યું હતું. તપાસ દરમિયાન ટ્રકની અંદર બનાવાયેલા ગુપ્ત ચોરખાનામાંથી વિદેશી દારૂની ૨૫,૭૨૮ બોટલ મળી આવી હતી. પકડાયેલા દારૂની કિંમત ૩૮,૫૯,૨૦૦ રૂપિયા છે અને ટ્રક, મોબાઈલ તથા રોકડ રકમ મળી કુલ ૫૩,૮૨,૯૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કેસમાં ડુંગરારામ પુરારામ ચૌધરી અને સરૂપારામ દેદારામ જાટની ધરપકડ કરવામાં આવી છે. જેઓ મૂળ રાજસ્થાનના બાડમેર જિલ્લાના રહેવાસી છે. પોલીસની આ સક્રિય કાર્યવાહીથી ગેરકાયદે દારૂની હેરાફેરી કરનારાઓ પર મોટી લગામ લાગી છે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સરથાણા શાખાઃ જી-૧, દીપ કમલ શોપીંગ, સરથાણા મેઈન રોડ, સરથાણા, જી.સુરત. ફોન : ૦૨૬૧ ૨૫૭૬૭૪૮
Email : sarsur@bankofbaroda.com

પરિશિષ્ટ-૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ **તા.૧૦.૦૧.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો/ગીરવેદાર **શ્રી અશોક ચતુરભાઈ ગધીયા, શ્રીમતી સંગીતાબેન અશોકભાઈ ગધીયા** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૫,૮૮,૫૯૬.૦૦ (રૂપિયા પચ્ચીસ લાખ અઠ્યાશી હજાર પાંચસો છન્નું પુરા) તા.૧૦.૦૧.૨૦૨૬ ના રોજના (તા.૦૪.૦૧.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/જામીનદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદારો/ગીરવેદારો અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ આ ધારા હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૭ મી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારો /જામીનદાર અને ગીરવેદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૨૫,૮૮,૫૯૬.૦૦ (રૂપિયા પચ્ચીસ લાખ અઠ્યાશી હજાર પાંચસો છન્નું પુરા) તા.૧૦.૦૧.૨૦૨૬ ના રોજના (તા.૦૪.૦૧.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ અને તેના ઉપરના ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીનાને આધિન રહેશે.

ખાસ કરીને દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત 'સ્વરાજ હાઈટ્સ' નામે ઓળખાતી કોમ્પલેક્ષ ના રહેણાંકની હાઈરાઈઝ બિલ્ડીંગ નં. એ ના ૧લા માળ નો ફ્લેટ નં. એ-૧૦૪ કારપેટ એરીયા માપ ૬૮૯.૪૩ ચો.ફુટ એટલે ૬૪.૦૫ ચો.મી બાલ્કની એરીયા માપ ૦૧.૮૩ ચો.મી અને વોશ એરીયા માપ ૦૨.૫૩ ચો.મી અને કુલ બિલ્ટઅપ એરીયા માપ ૮૯૪.૦૦ ચો.ફુટ એટલે ૮૩.૦૫ ચો.મીટર પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા માપ ૩૨.૪૧ ચો.મીટર જમીન બિલ્ડીંગ અને સંપુર્ણ કોમ્પલેક્ષ ની બિનખેતી જમીન નો બ્લોક/રેવન્યુ સર્વે નં. ૪૩/પૈકી ૨ કુલ માપ ૯૧૦૫.૦૦ ચો.મી, ડ્રાફ્ટ ટી.પી સ્કીમ નં. ૫૧ (ડભોલી), મુળ પ્લોટ નં. ૫૧, ફાઈનલ પ્લોટ નં. ૫૧/એ માપ ૧૭૦૭ ચો.મી અને ફાઈનલ પ્લોટ નં. ૫૧/બી માપ ૪૬૬૮.૦૦ ચો.મી ગામ. ડભોલી, સબ ડિસ્ટ્રીકટ. સુરત સીટી (નવો સબ ડિસ્ટ્રીકટઃ કતારગામ), જી.સુરત ખાતે શ્રીમતી સંગીતાબેન અશોકભાઈ ગધીયા આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : ફ્લેટ નં. એ/૧૦૨, **પશ્ચિમ તરફ** : બિલ્ડીંગ માર્જીન અને ગાર્ડન, **ઉત્તર તરફ** : ફ્લેટ નં. એ/૧૦૧, **દક્ષિણ તરફ** : બિલ્ડીંગ માર્જીન.

તા. ૧૭.૦૪.૨૦૨૬ | સ્થળ : સુરત — **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સરથાણા શાખા.**

पंजाब नैशनल बैंक punjab national bank
...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

એમસીસી સુરત (૬૨૯૬૦૦) : ક્રોસ કોર્નર બિલ્ડીંગ, ૨જો માળ ઉધના ત્રણ રસ્તા, સુરત-૩૯૪૨૧૦
email: mcc6296@pnb.bank.in

પરિશિષ્ટ-૪ [જુઓ રૂલ ૮(૧)] **કબજા નોટીસ** (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક, સુરત** ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શનઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને આ ધારા ૧૩(૧૨) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૩ ના ૨૦૦૨ સાથે વંચાણે લઈ **તા.૧૧/૦૨/૨૦૨૬** ના રોજ ધારા ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદારો મેસર્સ દિવમીરા સીલ્ક (ભાગીદાર પેઢી) અને શ્રી અમીતકુમાર અગ્રવાલ (મેસર્સ દિવમીરા સીલ્ક ના ભાગીદાર), જામીનદાર/ગીરવેદાર શ્રીમતી નુપુર અમીત અગ્રવાલ અને જામીનદાર શ્રીમતી મમતા અગ્રવાલ** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૩,૦૫,૩૫,૩૯૮.૯૫/- (અંકે રૂા. ત્રણ કરોડ પાંચ લાખ પાત્રીસ હજાર ત્રણસો અઠાણું અને પંચાણુ પૈસા પુરા) તા.૦૨.૦૨.૨૦૨૬** ના રોજના **(તા ૩૧.૦૧.૨૦૨૬ સુધી વ્યાજ સહિત)** વધારાનું વ્યાજ આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો /ગીરવેદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો /ગીરવેદાર/જામીનદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે ઉપરોક્ત નિયમો અંતર્ગત આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૧૮મી એપ્રિલ, સન ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો/ગીરવેદાર/જામીનદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૩,૦૫,૩૫,૩૯૮.૯૫/- (અંકે રૂા. ત્રણ કરોડ પાંચ લાખ પાત્રીસ હજાર ત્રણસો અઠાણું અને પંચાણુ પૈસા પુરા) તા.૦૨.૦૨.૨૦૨૬** ના રોજના **(તા ૩૧.૦૧.૨૦૨૬ સુધી વ્યાજ સહિત)** વધારાનું વ્યાજ સંપૂર્ણ ચુકવણી ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતો સ્થાયી મિલકત 'મિલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ-૪' ના નામે જાણીતા કોર્મશીયલ કોમ્પલેક્ષ ની ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં. ૪૫ માપ ૬૪૫.૪૦૯ ચો.ફુટ (બિલ્ટઅપ એરીયા) એટલે કે ૫૯.૯૬૦ ચો.મી બરાબર અને ૬૨૦.૪૪૮ચો.ફુટ (કારપેટ એરીયા) એટલે કે ૫૭.૬૪૧ ચો.મી બરાબર મિલકત ના રોડ અને સીઓપી ના વણવહેચાયેલ ૨૦૨.૪૫૯ ચો.ફુટ એટલે કે ૧૮.૮૦૯ ચો.મી ના હિસ્સા સહિત આ બિલ્ડીંગનું બાંધકામ જમીન રેવન્યુ સર્વે નં. ૬૮ + ૨૯૫ પૈકી -૧ માપ ૪૭,૦૩૭ ચો.મી મોજે ઉધના, જુના તાલુકા. સુરત શહેર, નવા તાલુકા. ઉધના, જી. સુરત ખાતે મેસર્સ નુપુર અમીત અગ્રવાલ ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પુર્વ તરફ** : જોડેની ખાડી, **પશ્ચિમ તરફ** : જોડેની રે. સ. નં. ૬૭, **ઉત્તર તરફ** : જોડેની ખાડી, **દક્ષિણ તરફ** : જોડેની રેલ્વેની હદ

તમામ ભાગ અને હિસ્સો ધરાવતો સ્થાયી મિલકત 'મિલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ-૪' ના નામે જાણીતા કોર્મશીયલ કોમ્પલેક્ષ ની ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં. ૪૬ માપ ૬૩૮.૧૯૮ ચો.ફુટ (બિલ્ટઅપ એરીયા) એટલે કે ૫૯.૨૯૦ ચો.મી બરાબર અને ૬૧૯.૩૫૦ ચો.ફુટ (કારપેટ એરીયા) એટલે કે ૫૭.૫૩૯ ચો.મી બરાબર મિલકત ના રોડ અને સીઓપી ના વણવહેચાયેલ ૨૦૦.૧૯૭ ચો.ફુટ એટલે કે ૧૮.૫૯૯ ચો.મી ના હિસ્સા સહિત આ બિલ્ડીંગનું બાંધકામ જમીન રેવન્યુ સર્વે નં. ૬૮ + ૨૯૫ પૈકી -૧ માપ ૪૭,૦૩૭ ચો.મી મોજે ઉધના, જુના તાલુકા. સુરત શહેર, નવા તાલુકા. ઉધના, જી. સુરત ખાતે મેસર્સ નુપુર અમીત અગ્રવાલ ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પુર્વ તરફ** : જોડેની ખાડી, **પશ્ચિમ તરફ** : જોડેની રે. સ. નં. ૬૭, **ઉત્તર તરફ** : જોડેની ખાડી, **દક્ષિણ તરફ** : જોડેની રેલ્વેની હદ

તારીખ : ૧૮.૦૪.૨૦૨૬ | સ્થળ : સુરત — **ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સરથાણા શાખાઃ જી-૧, દીપ કમલ શોપીંગ, સરથાણા મેઈન રોડ, સરથાણા, જી.સુરત. ફોન : ૦૨૬૧ ૨૫૭૬૭૪૮
Email : sarsur@bankofbaroda.com

પરિશિષ્ટ-૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ **તા.૧૦.૦૧.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો/જામીનદાર/ગીરવેદાર **શ્રી દિપક રમેશભાઈ કોડાલા, શ્રીમતી વૈશાલી દિપકભાઈ કોડાલા** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૮,૨૭,૭૫૪.૦૦ (રૂપિયા અઢાર લાખ સત્યાવીસ હજાર સાતસો ચોપન પુરા) તા.૧૦.૦૧.૨૦૨૬ ના રોજના (તા.૦૪.૦૧.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/જામીનદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદારો/ગીરવેદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ આ ધારા હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૭ મી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારો /જામીનદાર અને ગીરવેદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૧૮,૨૭,૭૫૪.૦૦ (રૂપિયા અઢાર લાખ સત્યાવીસ હજાર સાતસો ચોપન પુરા) તા.૧૦.૦૧.૨૦૨૬ ના રોજના (તા.૦૪.૦૧.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ અને તેના ઉપરના ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીનાને આધિન રહેશે.

ખાસ કરીને દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત 'ઓપેરા રોયલ' બિલ્ડીંગ નં. એ/૨ ના ૧લા માળ નો ફ્લેટ નં. એ/૨-૧૦૨, બિલ્ટઅપ એરીયા માપ ૫૭.૧૭ ચો.મીટર અને તેનો કારપેટ એરીયા ૪૮.૧૮ ચો.મી બાલ્કની એરીયા ૨.૯૩ ચો.મી, અને વોશ એરીયા ૨.૩૦ ચો.મી (મંજૂર પ્લાન મુજબ ઉચ્ચ ગ્રાઈન્ડ ફ્લોર) જમીનના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા ફાઈનલ પ્લોટ નં. ૧૯૧ + ૧૫/એ, ટી.પી.સ્કીમ નં. ૪૮ (ખોલવડ), બ્લોક નં. ૩૧૨૫ અને ૨૮૪૨ (જુનો બ્લોક નં. ૪૧૪ અને ૬૮ /બી/૨) રેવન્યુ સર્વે નં. ૧૭૭ અને ૧૧૮ મોજે. ખોલવડ, તા. કામરેજ, જી.સુરત ખાતે દિપક રમેશભાઈ કોડાલા ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો લીફ્ટ પેસેજ અને ફ્લેટ નં. ૧૦૩, **પશ્ચિમ તરફ** : જોડેની માર્જીન અને બિલ્ડીંગ એ-૩, **ઉત્તર તરફ** : જોડેનો બિલ્ડીંગ એ-૧ ફ્લેટ, **દક્ષિણ તરફ** : જોડેની ફ્લેટ નં. ૧૦૧.

તા. ૧૭.૦૪.૨૦૨૬ | સ્થળ : સુરત — **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સરથાણા શાખા.**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સરથાણા શાખાઃ જી-૧, દીપ કમલ શોપીંગ, સરથાણા મેઈન રોડ, સરથાણા, જી.સુરત. ફોન : ૦૨૬૧ ૨૫૭૬૭૪૮
Email : sarsur@bankofbaroda.com

પરિશિષ્ટ-૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ **તા.૧૦.૦૧.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો/જામીનદાર/ગીરવેદાર **શ્રી શ્યામબિહારી ભરતરાજ શર્મા, શ્રીમતી કુમારીદેવી શ્યામબિહારી શર્મા** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૧,૮૯,૮૫૬.૨૩ (રૂપિયા અગિયાર લાખ નેવ્યાશી હજાર આઠસો છપ્પન અને ત્રેવીસ પૈસા પુરા) તા.૧૦.૦૧.૨૦૨૬ ના રોજના (તા.૦૪.૦૧.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/જામીનદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદારો/ગીરવેદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ આ ધારા હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૭ મી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદાર /જામીનદાર અને ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૧૧,૮૯,૮૫૬.૨૩ (રૂપિયા અગિયાર લાખ નેવ્યાશી હજાર આઠસો છપ્પન અને ત્રેવીસ પૈસા પુરા) તા.૧૦.૦૧.૨૦૨૬ ના રોજના (તા.૦૪.૦૧.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ અને તેના ઉપરના ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીનાને આધિન રહેશે.

ખાસ કરીને દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત **'સાંઈ સમર્થ રેસીડન્સી'** તરીકે ઓળખાતો પ્રોજેક્ટ નો **પ્લોટ નં.એ-૧૪૯** બિલ્ટઅપ એરીયા માપ ૯૬.૭૬ ચો.વાર એટલે ૮૦.૯૦ ચો.મીટર અને કે.જે.પી રેવન્યુ સર્વે/બ્લોક નં. ૪૫૯/એ/૧૪૯ અને પછી રી-સર્વે નવો રેવન્યુ સર્વે/બ્લોક નં. ૧૯૭૬ માપ ૩૦.૦૦ ચો.મી જમીનના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા માપ ૦૫.૫૬ ચો.મીટર જમીન સી.ઓ.પી સહિત રેવન્યુ સર્વે નં. ૩૭૬ તેનો બ્લોક નં.૪૫૯/એ **ગામ. હલધરૂ**, સબ ડિસ્ટ્રીકટ. કામરેજ, જી.સુરત ખાતે કુમારીદેવી શ્યામબિહારી આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો પ્લોટ નં. ૧૪૮, **પશ્ચિમ તરફ** : જોડેની સોસાયટીની હદ, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં. ૧૧૦, **દક્ષિણ તરફ** : જોડેની સોસાયટીનો આંતરીક રોડ.

તા. ૧૭.૦૪.૨૦૨૬ | સ્થળ : સુરત — **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સરથાણા શાખા.**